નાખ્યો 'નામ'નો પ્રતિબંધ ચૂંટણીની ચાલ હશે!
કરગરસે બંદાણીઓ, નવા હપ્તાની ઢાલ થશે!
તાલ ફેરાફેરીનો, થશે લાલ-ગાલ પોલીસનાં -
'ગુટખા'ના પણ, દારૂબંધી જેવા જ હાલ થશે..

ને ભેગા ભેગો
મૂકી દો પ્રતિબંધ -
રૂસ્વત પર
(પોકળ પ્રચારાત્મક જાહેરાતો)

કરો જાહેર
'રાજય' નંબર-વન -
મૂલ્ય નિષ્ઠામાં..

ચિંતન

જલમગ્નિવિષં શસ્ત્ર ક્ષુદ્વ્યાધિઃ પતનં ગિરેઃ ।
નિમિત્તં કિંચિદાસાદ્ય દહીં પ્રામાન્વિમુંચતિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે.

જળ-અગ્નિ-વિષ-ઝેર, હથિયાર, ભૂખ-રોગ-બિમારી-વ્યાધિ, અથવા પર્વત પરથી કે ક્યાંકથી પણ પડી જવાથી, લાગવા-ફૂટવાથી આવાં કોઇક પણ પ્રયોજન-નિમિત્ત-કારણથી સૌ કોઇ માનવ-પ્રાણી-પશુ-પંખીઓ મૃત્યુ પામે છે. મૃત્યુ-મૃત્યુના દેવ યમરાજ કે ઇશ્વર પોતે મરણનું કારણ બનતા નથી. મૃત્યુનું નિમિત્ત ઉપર જણાવેલી ઘટનામાં જ કોઇ કારણ બને છે.

વિધિ-વિધાતા પૂર્વ જન્મના કર્મો પ્રમાણે નિશ્ચિત શ્વાસ લઇને (સંખ્યા) ભરીને આપણને મોકલ્યા છે, સંત-મહાત્માઓ આ 'શ્વાસ' ને ગણતરીપૂર્વક રોકીને ધ્યાન-સમાધિ દ્વારા ઓછા-સંયમથી વાપરે છે અને વર્ષોથી, વર્ષો સુધી જીવી જાય છે. જ્યારે આપણે તેલથી તરબતર મસાલા ખાઇ દમ-શ્વાસ દ્વારા 'ઘમણ' ચલાવી શ્વાસ વહેલા વાપરી નાખીએ.

ભગવાન પોતે કોઇને લાકડી કે શસ્ત્ર લઇને 'મારતો' નથી. માનવી જાતે જ પોતાના કર્મો, દુષ્કર્મો-પાપ-પુણ્યથી ઇશ્વરને 'કારણ' શોધીને આપે છે. મરનારના બેસણાં પર કોઇ પૂછે શું થયું હતું? ત્યારે કોઇ 'ભગવાને ખૂન કર્યું' એમ કહેતું જ નથી. રોગ-દોષ-એટેક બધાનું 'નિમિત્ત' માનવી જાતે જ ઉભાં કરે છે, હજારો વર્ષ જીવનારા મહર્ષિ પણ હજુ હિમાલય-જૂનાગઢમાં છે જ.

સુવિચાર

- જેટલું દાન આપીએ એનાથી દસગણું ઇશ્વર આપણે પાછું આપે છે- **શેખ સાદી**
- દાતા તેના દાનની રકમથી નહીં તેના ભાવથી ઓળખાય છે - **લેસિંગ**
- દાન લેવું કે એની અપેક્ષા રાખવી ખરાબ છે, પણ દાન આપવું એ ધર્મ છે- **બિયર**
- દાનની સફેદ ચાદર નીચે આપણે આપણા અનેક પાપ છૂપાવીએ છીએ- **સ્પર્જીયન**
- દાન આપવાથી આપણને માનસિક શાંતિ, સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે - **વિવેકાનંદ**
- સૌથી ઊંચું દાન આધ્યાત્મિક દાન છે - **શંકરાચાર્ય**
- જો શક્ય હોય તો ગરીબ માનવીને હાથ ફેલાવવાની શરમથી બચાવો અને ગુપ્તદાન કરો - **ડાઇડરટ**

બોધ કથા

અત્યારે ભારતભરમાં વરસાદ પ્રમાણમાં અપૂરતો છે. આમ ઘનવાનો અને કાળા બજારીઓને 'ચાંદી'જ પડવાની, પણ ગરીબો અને મધ્યમો ભિંસાઇ જવાના. અવ્યવસ્થા અને બેદરકાર તંત્રમાં હજારો-લાખો ટન અનાજ વરસાદમાં સડે છે પણ ગરીબોને 'મફત' નથી અપાતું.. અત્યારના નેતાઓ-રાજાઓ પ્રજાના પેટ પર પગ મુકી તેમના શરીર પર રાજ કરે છે.

સમ્રાટ અશોકના સમયમાં પણ દુષ્કાળ પડ્યો, અછતની બેઠકો બોલાવ્યા વિના રાજયના અન્ન ભંડારો ગરીબોને માટે ખૂલ્લા મૂક્યા, ગરીબીરેખા-રેશનકાર્ડ કંઇ પણ જોયા વિના જેને જેટલું અનાજ જોઇએ તે લઇ જવા ટંટેરો પીટાયો.

એક વૃધ્ધા-અશક્તિ-પોતાની શક્તિથી પણ વધારે અન્નનું પોટલું ભરાવ્યું, અને રાજભંડારમાંથી ઊંચકવા ગઇ પણ ઊંચકાયું નહીં. સમ્રાટ અશોક ગુપ્તવેશમાં રાજભંડારમાં આવતાં ગરીબો પર નજર રાખતા હતા. તરત એ વૃધ્ધાની પાછળ-પાછળ તેના ઘર સુધી જઇ મૂકી આવ્યાં.

વૃધ્ધાનો પડોશી સમ્રાટને ઓળખી ગયો. વૃધ્ધા ગદ્‌ગદ્ થઇ સમ્રાટને વંદન કર્યાં અને કહ્યું, 'બેટા મારા તને આશીર્વાદ છે. બીજા રાજાતો પ્રજાના શરીર પર પાંચ વરસ માંડ રાજ કરે છે પણ તું તો અમારા હૈયા પર જિંદગીભર રાજ કરીશ.'

વિવેકાનંદ યુવાનો સાથે તેમની ભાષામાં વાત કરે છે, એ યુવાનોના આત્માને ટંટોળે છે, તેમની સાહસિકતાને અને નીડરતાને આહ્‌વાન આપે છે, તેમના સંબોધનો યુવાનો સાથે સીધો સંવાદ સાધે છે

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ભારતીય સંત પરંપરામાં દિવ્ય શક્તિ ધરાવતા હજારો સંતો થઇ ગયા તેમ છતાં યુવાનોના એક માત્ર સર્વ માન્ય પ્રેરણા સ્રોત એક માત્ર સ્વામી વિવેકાનંદ કેમ બની રહ્યાં છે?

યુવાનોની પેઢીઓ બદલાતી રહે છે. પ્રત્યેક દાયકામાં એક નવી યુવા જનરેશન સમાજને નવો યુવા ચહેરો આપે છે. પરંતુ આ યુવા જનરેશનના આદર્શ તો સ્વામી વિવેકાનંદ જ બની રહે છે. રાષ્ટ્રીય સ્તરે પણ યુવાનોની પ્રેરણામૂર્તિ વિવેકાનંદ જ હોઇ શકે એવી પ્રતિતિમાંથી જ દેશની સરકારને સ્ફુરણા થાય છે.

વિવેકાનંદજીએ ક્યાંક કોઇ ચમત્કારની વાતો કરી નથી. યુવાનોને આકર્ષવા, શિષ્ય કે ભક્ત સમુદાય સ્વરૂપનો આશ્રય લેતા નથી. વિવેકાનંદજીએ તેમનાં પ્રવચનોમાં સતત યુવાનોને જ સંબોધન અને આહ્‌વાન કર્યું છે, પરંતુ તેમાં તેમનાં કેન્દ્રવર્તી વિચાર યુવાનોની અંદર રહેલી આંતરિક ચેતના અને અખૂટ ઉર્જાશક્તિને જાગૃત કરીને બહાર લાવવાનો રહ્યો છે. પ્રત્યેક યુવાનમાં સુષુપ્ત જવાળામુખીમાં ધધકતા લાવારસ જેવો શક્તિનો ખજાનો પડેલો હોય છે. તેને બહાર લાવી યોગ્ય દિશા આપી દેશ અને સમાજના કાર્યમાં લગાવવાથી તેનાં ભવ્ય અને દિવ્ય પરિણામ મેળવી શકાય છે. એવી અનન્ય શ્રધ્ધા વિવેકાનંદજી ધરાવતા હતા. એટલે જ તો તેઓ કહેતા કે 'હું યુવાનોને ફૂટબૉલના મેદાનમાં ગીતાના પાઠ ભણાવવા માગું છું.' આવું માત્ર વિવેકાનંદ જ કહી શકે. તેમનો આશય સ્પષ્ટ છે. રમતના મેદાનમાં વિજયના લક્ષ્યની માફક વિવેકાનંદ યુવાનોના જીવનનું ધ્યેય નિર્ધારિત કરીને એ ધ્યેય માટે જીવનપર્યંત કાર્ય કરતા રહેવાની વાત કરતા હતા. 'ઉત્તિષ્ઠિત જાગૃત પ્રાપ્ય વચન નિબોધત' એ તેમનું જીવન સૂત્ર પણ આજ વાત કહે છે.

વિવેકાનંદજીના સમયમાં અને આજે પણ બંગાળમાં ફૂટબૉલ યુવાનોની અત્યંત લોકપ્રિય રમત છે, એટલે જ ફૂટબૉલના મેદાનમાં ગીતાના પાઠ ભણાવીશ. યુવાનોનું અધ્યાત્મ એ તેમની સક્રિયતા છે. તેમને પલાંઠી વાળીને ધર્મ-ધ્યાન-ભક્તિમાં ઓતપ્રોત બનાવી નિષ્ક્રીય બનાવી નાખવાનાં નથી. તેમને દેસ અને સમાજના કાર્યમાં પ્રવૃત્ત કરવાનાં છે. બીજા સંતોથી વિવેકાનંદ અહીં જ અલગ પડે છે. રમતનાં મેદાનમાં ગીતા અને શાસ્ત્રોનું જ્ઞાન આપનાર સંત યુવાનોને ગમે તેમાં નવાઇ નથી. આવી વાત કરનાર વિવેકાનંદ પણ યુવાન જ હતા.

યૌવનનું એક સ્વાભાવિક લક્ષણ છે. પરંપરાઓ અને રૂઢિઓ સામે વિદ્રોહ, શ્રધ્ધા નહીં પણ શંકા, સ્વામી વિવેકાનંદ એટલે અભ્યાસ કાળનાં નરેન્દ્રનાથ. કોલકાત્તાની કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર નરેન્દ્રનાથનું યુવા માનસ પણ આવું જ વિદ્રોહી અને શંકાઓથી ભરપૂર. કોઇ વાતને સહેલાઇથી સ્વીકારે નહીં. તર્ક અને વિજ્ઞાનની કસોટીએ કસ્યા પછી જ વાતનો સ્વીકાર કરવાની વૃત્તિ અને પ્રકૃતિ કિશોરાવસ્થાથી યુવાવસ્થા સુધીનો તેમનો આ સંક્રમણ કાળ પણ યૌવન સહજ ઉત્સુકતા અને આશંકાઓથી ઉછળતો રહ્યો હતો. એ કાળ દરમિયાન જ તેઓ રામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં આવ્યા. તેમનો અવાજ મધુર હતો. ભજનો બહુ સરસ ગાતા. રામકૃષ્ણ સાથેનું પ્રથમ મિલનનું નિમિત્ત પણ આ ભજન ગાયકી જ બન્યું. પરંતુ એ પ્રથમ મુલાકાતમાં જ કોઇ નાસ્તિક પૂછે એવો પ્રશ્ન તેમણે પૂછ્યો, મહાશય તમે ઇશ્વરને જોયો છે? અને રામકૃષ્ણ પરમહંસે તેમને જવાબ આપ્યો, 'હા, અહીં જેવી રીતે તને જોઉં છું એવી જ રીતે હું ઇશ્વરને જોઉં છું. બલ્કે તેને તો હું તારા કરતાં પણ વધુ સ્પષ્ટ રીતે જોઉં છું. તારી સાથે વાત કરું છું, એ રીતે જ તેની સાથે પણ થઇ શકે છે.'

નરેન્દ્રનાથે આવો પ્રશ્ન અનેક લોકોને પૂછ્યો હતો. તેઓ નિયમિત રીતે બ્રહ્મોસમાજમાં જતા હતા, પરંતુ કોઇએ તેમને આવો જવાબ આપ્યો ન હતો. નરેન્દ્રનાથ માટે આ જવાબ પરમ આશ્ચર્ય હતું. પરંતુ અંગ્રેજી અને ભૌતિક વિજ્ઞાનનું શિક્ષણ પામેલો નરેન્દ્રનાથ સહેલાઇથી આ વાત માની લે તેમ ન હતો. તેમનાથી છૂટા પડ્યા નથી પણ અનેક સંશયો થતાં રહ્યાં. રામકૃષ્ણ પરમહંસને ગુરુ તરીકે સ્વીકારતાં પહેલાં અને સ્વીકાર્યા પછી પણ તેમણે તેમની અનેક પ્રકારે કસોટી કરવામાં કશું બાકી રાખ્યું ન હતું. પ્રારંભમાં રામકૃષ્ણને પાગલ વ્યક્તિ માનનારા નરેન્દ્રનાથની તેમની સાથેની વારંવારની મુલાકાતોમાં એ તેમનાં સંશયો પ્રગટ કરતા. સર્વસામાન્ય યુવાનોની માફક જ નરેન્દ્રનાથ પણ હિન્દુ શાસ્ત્રોના ઘણા કર્મકાંડની મશ્કરી કરતા. સંશયોને એ દબાવતા નહીં. આશ્ચર્ય એ છે કે રામકૃષ્ણ પરમહંસને નરેન્દ્રનો આ સ્વભાવ ગમતો હતો. તેઓ એવું માનતા કે આ સંશયોની પ્રક્રિયામાંથી જ પસાર થઇને એ પરમ જ્ઞાનને પ્રાપ્ત કરશે ત્યારે તેના અત્યારના અનુભવો બીજાને જ્ઞાન આપવા માટે કામ આવશે. નરેન્દ્રનાથની માનસિક ઉથલપાથલ બૌધ્ધિક સ્તરની હતી. જયારે રામકૃષ્ણ આધ્યાત્મિક પ્રકૃતિના હતા. તેઓ જાણતા હતા. કે નરેન્દ્રની બુધ્ધિ શંકાશીલ રહેશે, પરંતુ એ ગ્રહગ્રાહમાંથી જ તે આધ્યાત્મિક પુરૂષ બનશે. થયું પણ એમ જ. આજ નરેન્દ્રનાથે આગળ જતાં વિવેકાનંદના રૂપમાં ધર્મ અને ઇશ્વર વિશેનાં લાખો લોકોના સંશયોનું સમાધાન કર્યું. સંન્યાસી બનેલા વિવેકાનંદ જયારે યુવાનોને સંબોધે છે ત્યારે યૌવનસહજ ભાષામાં કહે છે કે, 'છૂતાછૂત અને કર્મકાંડમાં ધર્મ સમાયેલો નથી. સાચો ધર્મ દરિદ્રનારાયણની સેવામાં રહેલો છે.'

આજના યુવાનોની માફક જ એક વખત વિવેકાનંદજીએ રાધા અને કૃષ્ણ વિષે રામકૃષ્ણ પરમહંસ સાથે ચર્ચા કરીને રાધાના અસ્તિત્વનો અસ્વીકાર કરીને રાધાકૃષ્ણની લીલાના અનૈતિક વર્ણનોનો વિરોધ કરેલો. એ જ રીતે મૂર્તિપૂજા વિરૂધ્ધ પણ દલીલો કર્યા કરતા. એ જ રીતે મૂર્તિ પૂજા વિરોધી નરેન્દ્રનાથને જયારે રામકૃષ્ણ પરમહંસે અદ્વૈતવાદ સમજાવવાનો પ્રયાસ કરેલો ત્યારે પણ નરેન્દ્રનાથએ તેનો વિરોધ કરતાં કહેલું, 'આ તો ઇશ્વરદ્રોહ ગણાય. આવી ફિલસૂફી અને નાસ્તિકતા વચ્ચે કશો ભેદ નથી... હું બ્રહ્મ, તમે બ્રહ્મ, બધા પદાર્થો બ્રહ્મ. આ તો હાસ્યાસ્પદ છે. જે ઋષિમુનિઓએ આવું લખ્યું છે. એ ગાંડા જ હોવા જોઇએ.' આમ પોતાની બુધ્ધિથી કસોટીએ જ યોગ્ય ન જણાય તેવો વિરોધ કરવો તેમનો સ્વભાવ હતો. ત્યારે તો તેઓ અદ્વૈતવાદની મશ્કરી કરવાની એક પણ તક જવા ન દેતા. અને એ જ નરેન્દ્રનાથે સંન્યાસી વિવેકાનંદ બનીને હિમાલયના ખોળે, માયાવતીમાં અદ્વૈત આશ્રમની સ્થાપના કરેલી.

૧૮૮૪માં નરેન્દ્રનાથે બી.એ.ની પરીક્ષા આપી. પરિણામ પહેલાં જ પિતા વિશ્વનાથ દત્તનું અવસાન થયું. રોજ ખાવાના સાંસા થઇ પડ્યા. એવી ગરીબી આવી. નોકરી માટે અરજી લઇને રઝળપાટ શરૂ કર્યો. ક્યાંક નોકરી ન મળે. એમનું મન પણ વિચારે ચઢ્યુ. ઇશ્વર ધતિંગ છે એવું કહેવા લાગ્યાં. મનની આવી સ્થિતિમાં પણ રામકૃષ્ણ પાસે ગયા અને કહ્યું પણ ખરું કે મારા પરિવાર માટે મા પાસે મદદ માંગો. રામકૃષ્ણે તેમને જાતે જ ત્રણ વખત કાલીમાતા પાસે મોકલ્યા, પણ મૂર્તિ સમક્ષ જતાં જ તેમની વાણી બદલાઇ જતી. આ અનુભવ પછી રામકૃષ્ણે કહ્યું. મા તારા પરિવારને અન્ન વસ્ત્ર વિના નહીં રાખે જા. આ દારૂણ ગરીબીએ તેમને ભૂખનાં દુઃખની પ્રતીતિ કરાવી. આ અનુભૂતિને કારણે જીવનભર તેઓ સમાજના ગરીબ, ભૂખ્યાજનોની ચિંતા કરતા રહ્યા.

માત્ર ૨૯ વર્ષના આયુષ્યમાં દિગ્વિજય જેવું મહાન કાર્ય કરીને જીવનલીલા સંકેલી લેનારા વિવેકાનંદના શ્વાસ અને ઉચ્છ્વાસમાં રાષ્ટ્ર જીવન અને સમાજ જીવનનું ચિંતન વહેતું હતું. દેશભક્તિનો માપદંડ સ્પષ્ટ કરતાં તેમણે કહેલું 'દેશભક્ત થવાનું પહેલું પગલું એ છે કે ભૂખે મરતા લાખો દેશબંધુઓ માટે લાગણી ધરાવવી, શુષ્ક, શાબ્દિક દેશભક્તિની વાત તેઓ કરતાં નથી. વિવેકાનંદ વ્યક્તિગત જીવનના મોક્ષની વાત જ નથી કરતા. એ તો નર્યો સ્વાર્થ થયો. વિવેકાનંદ કહે છે કે સમાજનું કલ્યાણ એ જ આત્મ કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ છે. એક તબક્કે વિવેકાનંદ એમ પણ કહી દે છે કે, 'પચાસ વર્ષો માટે બધા દેવી દેવતાઓને ભૂલી જાય. કોઇ નવા મંદિર બનાવવાનું બંધ કરી દો અને એક માત્ર ભારત માતાની પૂજામાં લાગી જાવ...." વળી એમ પણ કહે છે કે, 'પ્રભુમાં શ્રધ્ધા ધરાવતાં પહેલાં મનુષ્યમાં શ્રધ્ધા ધરાવતાં શીખો. જે ધર્મ કે ઇશ્વર વિધવાનાં આંસુ લૂછી ન શકે કે અનાથના મુખમાં રોટીનો ટુકડો મુકી ન શકે એવા ધર્મ કે ઇશ્વરમાં મને શ્રધ્ધા નથી' આવું કહેવાનું સાહસ એક યુવા સંન્યાસી જ કરી શકે, એવા સંન્યાસી કે જેમનાં રોંમરોંમમાં રાષ્ટ્રની દુર્દશા મિટાવવાની ઝંખના છે. વિવેકાનંદની વાણીમાં ભારતનો આત્મા મુરખિત થાય છે.

વિવેકાનંદ યુવાનો સાથે તેમની ભાષામાં વાત કરે છે. એ યુવાનોના આત્માને ઢંઢોળે છે. તેમની સાહસિકતાને અને નીડરતાને આહ્‌વાન આપે છે. તેમના સંબોધનો યુવાનો સાથે સીધો સંવાદ સાધે છે. વિવેકાનંદ જાણે યુવાનો સાથે વાતચીત કરી રહ્યાં હોય એવી અનુભૂતિ પ્રત્યેકને થાય છે. વિવેકાનંદ હંમેશા યુવાન સંન્યાસીરૂપે આપણી સામે સાક્ષાત્ થાય છે. એ યુવાનોની શક્તિને, તેમના બુધ્ધિ બળને પડકારે છે. તેમનાં શબ્દોમાં એવું જોમ અને જુસ્સો છે કે યુવાનોને એ સીધા સ્પર્શી જાય છે. એમની તસવીરને તેમના મસ્તકની આસપાસ કૃત્રિમ આભામંડળ રચવાની જરૂર પડતી નથી. તેમની આંખોમાં જ એવું ચુંબકીય આકર્ષણ છે કે તેમના ચહેરા પર દૃષ્ટિ સ્થિર થઇ જાય. તેમને વાંચનાર પ્રત્યેક યુવાનને એ આત્મીય લાગે છે.

વિવેકાનંદ જયારે એમ કહે કે નચિકેતા જેવી શ્રધ્ધા ધરાવતા ફક્ત દસ-બાર યુવાનો મળી જાય તો આપણા દેશના વિચારો અને આકાંક્ષાઓ સમગ્ર પ્રવાહને હું નવી જ દિશામાં વાળી શકું. નચિકેતા જેવા એટલે એવા યુવાનો કે જે સાક્ષાત્ યમને અને મૃત્યુને પણ પકડારવાની ક્ષમતા ધરાવતા હોય. યુવાનોની શક્તિમાં તેમને અપાર શ્રધ્ધા હતી. વિવેકાનંદે તેમના આખરી દિવસોમાં એક વખત એવું કહેલું કે, 'કાશ, આ વિવેકાનંદે શું કર્યું છે એ બીજો વિવેકાનંદ હોય તો સમજી શક્યો હોત.' વિવેકાનંદના આ વિધાનમાં પણ આજના યુવાનો જેવી જ આત્માનુભૂતિ છે કે મને કોઇ સમજી શકતું નથી. પ્રત્યેક પેઢીના યુવાનોમાં આવી લાગણી સહજ હોય છે, પરંતુ તેની બીજી બાજુ એ છે કે પ્રત્યેક સમાજ વધતે-ઓછે અંશે તેના યુવાનોને સમજવાનો પ્રયાસ કરતો જ હોય છે. સમાજ એ રીતે જ આગળ વધે છે. તેને સમજવા માટે દેશ અને દુનિયાના લાખો યુવાનો પ્રયત્નશીલ રહે છે અને ભવિષ્યમાં પણ રહેશે. તેમના જીવન અને તત્ત્વજ્ઞાનમાંથી પ્રેરણા મેળવીને હજારો યુવાનો સમાજકાર્ય અને રાષ્ટ્રકાર્ય માટે સમર્પણ ભાવથી કાર્ય કરી રહ્યાં છે. આવતાં સેંકડો વર્ષો સુધી આ દેશનાં યુવાનો માટે વિવેકાનંદ આદર્શ પ્રેરણા મૂર્તિ બની રહેશે.

સંદર્ભ : 'અભિયાન', મે-૨૦૧૨

વાત્સલ્ય કેન્દ્રી એક એવી ભાવયાત્રા જે સવાઇ નવલકથા વાંચ્યાની સંતર્પક અનુભૂતિ કરાવે છે

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

છેક પ્રાચીન સમયથી પ્રવાસ ધર્મ, જ્ઞાન અને વ્યવસાયના ઉદ્દેશ્યથી થતા રહ્યાં છે. વિશ્વના પ્રવાસીઓ વાસ્કો-ડી-ગામા, ફાહિયાન, હ્યુ એન સંગ, મેગેસ્થનીસ વગેરે તેનાં ઉત્તમ ઉદાહરણો છે. તેમના પ્રવાસી આલેખનો આજે પણ ઇતિહાસ સંશોધકો માટે માર્ગદર્શક છે. ગુજરાતી સાહિત્યમાં કાકા કાલેલકરનો હિમાલયનો પ્રવાસ હોય કે પછી પ્રિતિસેન ગૃપ્તાના વિશ્વ પ્રવાસનાં પુસ્તકો વાચકો તેને હોંશે હોંશે વાંચે છે. પર્યટન અર્થાત પ્રવાસન માટે સંસ્કૃત સાહિત્યમાં ત્રણ શબ્દો પ્રચલિત હતા. જે મૂળ શબ્દ 'અટન' પરથી ઊતરી આવ્યાં. 'અટન' શબ્દનો અર્થ થાય છે નિવાસના સ્થાનેથી દૂર અન્ય કોઇ સ્થાને પ્રયાણ કરવું. 'અટન' શબ્દના અર્થને સાકાર કરતાં ત્રણ શબ્દો સંસ્કૃત સાહિત્યમાં ખુબ જાણીતા છે.

(૧) 'પારાયટન' અર્થાત્ જ્ઞાન અને આનંદ માટે પોતાના નિવાસ સ્થાનથી અન્ય કોઇ સ્થાને જેવું.

(૨) 'દેશાટન' અર્થાત્ મૂળભૂત રીતે આર્થિક લાભની પ્રાપ્તિ અર્થે પોતાના દેશમાંથી અન્ય કોઇ દેશમાં ગમન કરવું.

(૩) 'તીર્થાટન' અર્થાત ધાર્મિક ઉદ્દેશ માટે પોતાના નિવાસ સ્થાનેથી અન્ય કોઇ ધાર્મિક સ્થાને પ્રયાણ કરવું.

પરંતુ આ બધા હેતુઓ કરતાં કંઇક અલગ હેતુ સાથે પણ યાત્રા થાય. અને તે યાત્રા ને શબ્દસ્થ કરવામાં આવે ત્યારે એક વિશિષ્ટ કૃતિનું સર્જન થાય છે. આવી એક કૃતિ જેને તમે પ્રવાસ કથા કરતાં વધુ સંવેદનકથા અને તેમની યાત્રાને ભાવયાત્રા કહેતા જાણીતાં વિવેચક ભગીરથ બ્રહ્મભટ્ટ ભાવવિભોર થઇ ગયા છે તે પુસ્તક એટલે 'દીકરી સંગે દેશાટન' અહીં આપણને કેશુભાઇ દેસાઇના એક જુદા જ સ્વરૂપે આત્મકથાત્મક વકતવ્ય સાથે સંવેદન, ભાવ અને ઉર્મિશીલ સર્જક સાથે સાથે એક સામાન્ય માનવીમાં રહેલી તમામ પ્રકારની નબળાઇનું સચ્ચાઇ પૂર્વકનું આલેખન જોવા મળે છે. એ રીતે આ એક વિશિષ્ટ પ્રકારની પ્રવાસકથા છે. લેખક ખુદ તેને અડસઠ તીરથની યાત્રા તરીકે ઓળખાવે છે. અને તે યાત્રા અંગે કેશુભાઇના જ શબ્દોમાં તે કહે છે કે, 'અમે ત્રણ - મારી માનેલી દીકરી, એનાં ફોઇ એટલા શાંતાબહેન અને હું - પંજાબના ઉદાર ચરિત પ્રસંશકોના આગ્રહથી ભર ઉનાળે દસેક દિવસ પ્રવાસે નીકળી પડ્યા હતા. કશા આગોતરા આયોજન વિના જ. એકદમ રામ ભરોસે.' નિરંજન ભગતની જેમ મને પણ નિરૂદ્દેશે 'ફરવા આવ્યો છું' કહેવાનું ગમ્યું હોત પરંતુ આ પ્રવાસ કેવળ પ્રવાસ નહોતો. એ એક વિશિષ્ટ પ્રકારની માનસિક સારવાર લેખે યોજાયેલો સાર્થક પારિવારિક ઉપક્રમ હતો. માનેલી દીકરીના મનનો ગોરંભો હળવો કરવાનો સ્પષ્ટ હેતુ હતો. અને જરા જુદા વાતાવરણમાં અને જુદાં લોકો વચ્ચે મુકી દઇ ગ્લાનિના સકંજામાંથી મુકત કરાવવી હતી.' જેમાં લેખક સફળ થયા. તેથી જ ભગીરથ બ્રહ્મભટ્ટ તેમની આ યાત્રાને વાત્સલ્ય કેન્દ્રી ભાવયાત્રા તરીકે ઓળખાવતાં કહે છે કે, આ પ્રવાસ કથામાં ઉર્મિ છે. સંવેદન છે. અને એમાં



ગૂંથણીયુક્ત ભાષા કર્મ છે. તેથી એનું સત્ય વધુ પ્રતીતિકર બને છે. ડાયવૉર્સી દીકરીનું ડિપ્રેશન દૂર કરવાનો પાલક પિતાનો મૂળ હેતુ પ્રવાસનું નિમિત્ત છે. પ્રવાસ દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ સુધીનો છે. આમ તો ઉર્ધ્વ ચેતનાનો હિમાલયનો પ્રવાસ છે. પણ અહીં પ્રવાસ શબ્દસ્થ કરવાને બદલે સહવાસ શબ્દસ્થ કર્યો છે. યાત્રા દરમિયાન મળેલા યશમાનોની આત્મીયતા, સહપ્રવાસીઓનું વૈવિધ્ય તથા લેખકની પોતાની પત્ની અને પાલક પુત્રી તરફની સભાન જવાબદારી સાથેની આત્મીયતા એવી તો ઓતપ્રોત થઇને આવે છે કે આ કથા એક વિશિષ્ટ પ્રકારની વાત્સલ્યકેન્દ્રી ભાવકથા બની રહે છે.'

'દીકરી સંગે દેશાટન' અંગે જોસેફ મેકવાન તેમના લાગણી પરિચ્છેદમાં લખે છે કે, 'ડાઇવોર્સી' દીકરીનું ડિપ્રેશન દૂર કરવા પાલક માતાપિતા એને હિમાલયનો પ્રવાસ કરાવે છે. પ્રવાસનો પુરો આનંદ મળી રહે તે માટે પંજાબ અને હિમાચલ પ્રદેશની સરહદી વિસ્તારોનો પ્રવાસ, પ્રવાસ ન રહેતાં યાત્રા બની જાય છે. એ યાત્રાના યજમાનો સહ પ્રવાસીઓ અને પ્રવાસે નીકળેલાં ત્રણ દુઃખિયારા લેખક, ફોઇ અને બિટ્ટુની આ પ્રવાસકથા રોચક યાત્રા - નવલ બની રહે છે.

આ વિશિષ્ટ પ્રવાસ કથા એના મનો વિશ્લેષણાત્મક આલેખન અને સુક્ષ્મ સંવેદનાનાં અદ્‌ભૂત ચિત્રણને કારણે ગુજરાતી સાહિત્યમાં આજ પર્યંત ઉપલબ્ધ પ્રવાસ વર્ણનો કરતાં જુદી જ ભાતનું ક્રિયેટીવ સર્જન બની રહે છે. લેખકે એમના અંતરંગનું પ્રામાણિક અને નિખાલસ આલેખન કરી એક આગવો દાખલો બેસાડ્યો છે. આ પ્રવાસકથા લેખકના અંગત જીવનનું એક કરૂણ મંગલ પ્રકરણ જ છે. અને તે અર્થમાં અભિનય સ્મૃતિ કથા પણ ગણી શકાય. આ એક જીવંત કથા છે. જે આપણી ભાષાના લાડકા નવલકથાકારની કલમે ચડી વાંચકને સવાઇ નવલકથા વાંચ્યાની સંતર્પક અનુભૂતિ કરાવશે. કેશુભાઇ દેસાઇની આ કૃતિ તેમની સર્જનયાત્રાનું રૂપકડું સીમાચિહ્‌ન બની રહેશે. એવી શ્રધ્ધા અસ્થાને નહીં ગણાય.

'દીકરી સંગે દેશાટન'નાં સર્જક ડૉ. કેશુભાઇ દેસાઇનું નામ ગુજરાતી કથા સાહિત્યમાં વિશેષ જાણીતું છે. 'જોબનવન', 'લીલો દુકાળ', 'હોળાષ્ટક', 'લેડીઝ હોસ્ટેલ', 'સૂરજ બૂઝવ્યાનું પાપ', 'મેડમ', 'મજબૂરી', 'ઉંઘઇ' અને 'ધર્મયુધ્ધ' જેવી વિશિષ્ટ નવલકથાઓ દ્વારા તેમની ખ્યાતિ ભારતની અન્ય ભાષાઓમાં પણ પહોંચી છે. તેઓ વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર અને નાટ્યકાર તરીકે પણ નામના ધરાવે છે. મોડે મોડે તેમની પાસેથી 'દીકરી સંગે દેશાટન' જેવી પ્રવાસ કથા પ્રાપ્ત થાય છે. કથા વાચકો, સર્જકો અને વિવેચકોને જરૂર ગમશે તેવી શ્રધ્ધા સાથે અભિનંદન પાઠવું છું.

દીકરી સંગે દેશાટન
લેખક : ડો. કેશુભાઇ દેસાઇ
પ્રકાશક : રન્નાડે પ્રકાશન
૫૮/૨, જૈન દેરાસર સામે,
ગાંધી રોડ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨
પૃષ્ઠ - ૨૪૧,
કિંમત રૂા. ૨૬૫/-

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૦મી ઓગષ્ટ

- મહાન નવલકથાકાર લીયો ટોલ્સટોયની જન્મજયંતિ. ૧૮૫૩ માં રશિયામાં તુર્કી સામે ઝનૂનથી લડેલાં પછી કતલખોરીથી વિવશ બન્યા. બંધુત્વની ભાવનાના હિમાયતી. આનાકોરેનિના - વોર એન્ડ પીસના સર્જક ગહન ચિંતક અને નવલથાકાર હતા.
- ૧૯૨૮ - આખા એશિયાની હવામાન કચેરી પહેલી વહેલી પૂનામાં સ્થપાઇ.
- ૧૯૩૨માં પ્રસિધ્ધ વાર્તાકાર ચંદ્રકાન્ત બક્ષીનો જન્મ.

- ૨૦મી ઓગષ્ટ ૧૯૮૪માં ફાની દુનિયા છોડી જનાર ગુજરાતી સંગીતને ગુજરાતીતા આપનારા, પરંપરા અને પ્રયોગશીલતાના પલડામાં પગ રખીને ભાવકને પ્રસન્નતાનો અનુભવ કરાવનારા, સુગમ સ્વરનાં લોકપ્રિય સર્જક અવિનાશ વ્યાસનું અવસાન. ગુજરાતણને ગરબે ઘુમતી-ગાતી કરવામાં તેમનો બહુ મોટો ફાળો છે.

જુદાજુદા જિલ્લાઓના નારીકેન્દ્રની મુલાકાત લઈને પાછા ફરતા સંધ્યા એક રેલ્વે સ્ટેશન પર ટ્રેઈનની રાહ જોઈને બેઠેલી, પરંતુ ટ્રેઈન મોડી હોવાથી તે કંટાળી ગયેલી, અચાનક તેની નજર સ્ટેશન તરફ આવતાં એક ટોળા પર ગઈ

પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૭)

- જયંતીલાલ મકવાણા

'ગૃહમાતા, મને મારા પરણેતર પતિ દેવા પાસે લઈ જાવ! એ મારો પરણેતર છે. હું એની પરણેતર પત્ની છું. અમે લગ્ન મંડપમાં અગ્નિની સાક્ષઈએ ફરે